ગાંધીનગર સમાચાર

સિવિલમાં દર્દીઓને ગરમીમાં શેકાવું પડે છે

# ઉનાળાના પ્રારંભે શહેરમાં પાણીનો કકળાટ

**સે-૨૬ ઈલેકટ્રોનિકસ જીઆઈડીસી વસાહત ખાતે કેટલાક દિવસથી પાણી આવતું ના હોવાને કારણે રહીશો વિફર્યા : ગેઝિયા અને જીઆઈડીસીમાં રજૂઆત કરતા સંતોષ ના થતા રહીશો પાટનગર યોજના ભવને પહોંચ્યા : સત્વરે પ્રશ્ન ઉકેલવાની ખાત્રીએ મામલો શાંત પડયો**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં ઉનાળાના પ્રારંભે જ પાણીનો કકળાટ ચાલુ થઈ ગયો છે. નગરના સે-૨૬ના ઔદ્યોગિક વિસ્તારના રહેણાંક એકમોમાં છેલ્લા પાંચેક દિવસથી પાણી નહીં આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જે અંતર્ગત આ વિસ્તારના રહીશોએ આજે જીઆઈડીસી ઈલેકટ્રોનિકસ વસાહતના પ્રાદેશિક મેનેજર અને નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરીએ પહોંચી રજૂઆત કરી હતી. આ ઉપરાંત રહીશોએ આ મુદ્દે ગેઝિયાની કચેરી તથા સેકટર-૧૬માં પાટનગર યોજના ભવનમાં અધિકારીઓને મળી રજૂઆત કરી હતી. પાટનગર યોજના ભવનના અધિકારીઓએ તેમની રજૂઆત સાંભળી સત્વરે પ્રશ્ન ઉકેલવા હૈયાધારણ આપતા મામલો શાંત પડયો હતો અને તંત્રએ આ વિસ્તારમાં પાણીની સુવિધા યથાવત કરવા તજવીજ હાથ ધરી હતી.

સેકટર-૨૬માં ઈલેકટ્રોનિકસ જીઆઈડીસી વસાહતમાં છેલ્લા કેટલાક દિવસથી પાણી નહી આવવાની સમસ્યાને કારણે તે વિસ્તારના રહીશોએ આજે રજૂઆત કરવા સંગઠિત થઈ ગેઝિયાની ઓફિસે પહોંચ્યા હતા. આ બાબત અંગે રહીશોએ જીઆઈડીસી ખાતેની નાયબ કાર્યપાલક ઈજનેર કચેરીએ પણ



મુલાકાત લઈ તેમના પ્રશ્ન અંગે રજૂઆત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં વિધાનસભામાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા નર્મદાનું પાણી આપવાનું વચન આપવામાં આવ્યું હતું. આમ છતાં આ વસાહતના રહીશોને નર્મદાનું તો ઠીક પરંતુ પાણી જ ના આવતા છેવટે ઉગ્ર રજૂઆતનો આશરો લેવો પડયો હતો. આજે આશરે ૧૧ વાગ્યાના સુમારે આ વસાહતના રહીશો એકત્ર થઈ ઈલેકટ્રોનિકસ જીઆઈડીસીના ગેઝિયાની ઓફિસે પહોંચ્યા હતા. જયાંથી તેમને જીઆઈડીસી ખાતેની નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરીએ મોકલવામાં આવ્યા હતા.

નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરીએ રજૂઆત કર્યા બાદ વસાહતીઓને સંતોષ ના થતા છેવટે તેમણે સે-૧૬માં પાટનગર યોજના ભવન ખાતે અધિકારીઓને મળી પાણીના પ્રશ્નની રજૂઆત કરવાનું મુનાસિબ માન્યું હતું. આથી આખું ટોળુ સે-૧૬ ખાતે પાટનગર યોજના ભવને ધસી આવ્યું હતું જયાં અધિકારીઓએ તેમના પ્રશ્નને સત્વરે ઉકેલવાની ખાત્રી આપી હતી. અધિકારીના મતે આ વિસ્તારમાં પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે અને સરકારના વચન મુજબ હવે નર્મદાનું પાણી પણ પહોંચાડવામાં આવી રહ્યું છે. પરંતુ વસાહતના એપાર્ટમેન્ટમાં મકાનોમાં ઉપર સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવી તે જીઆઈડીસીનો પોતાનો પ્રશ્ન છે. આમ છતાં નર્મદાના પાણીનો પુરવઠો મળી રહેશે તેવી હૈયાધારણ અધિકારીઓએ આપતા રહીશો પરત ફર્યા હતા.

## @ગાંધીનગર

● ઓમ શાંતિ આરોગ્ય કેન્દ્ર ગાંધીનગર દ્વારા રવિવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોગ, નેચરોપેથી અને પંચકર્મનો નિઃશુલ્ક કેમ્પ બંગલા નં. ૨૮, ગુ.હા.બોર્ડ સે-૩૦ ખાતે યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા સવારે ૬.૦૦ થી ૯.૦૦ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન બીજો માળ મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સેકટર-૧૧ ખાતે હેપીનેસ પ્રોગ્રામ યોજાશે.

● સેકટર-૪-સી પ્લોટ નં. ૬૪૩/૧ દેવીલાબેનના નિવાસ સ્થાને બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો યોજાશે.

● મધુર ડેરીના હોલ ખાતે રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે મધુર ડેરીનો અમુલ ડેરી નામકરણ અંતર્ગત નામાભિધાનનો કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

● વહેલી સવારે ૮ વાગ્યાના સુમારે એક વૃધ્ધ દર્દી હાથમાં વારંવાર બોટલ ચઢાવવા માટેની વીગો લગાડેલ હાલતમાં મંત્રીઓના નિવાસસ્થાને પહોંચી ગયા હતા અને મુખ્યમંત્રીને મળવાની જીદ કરી હતી જો કે તેઓનો મુખ્યમંત્રીને મળવાનો હેતુ શું હતો તે જાણી શકાયું નથી.

● ભારતે ટી-૨૦ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયાને હરાવતા નગરના યુવા ક્રિકેટ રસિકો બપારે ગેલમાં આવી ગયા હતા. ઈન્ફોસીટીથી ઘ માર્ગ પર મોડી રાત્રે ૧૧ વાગ્યા પછી આશરે ૧૦૦ થી ૧૫૦ જેટલા યુવાનોએ ખુલ્લી જીપો, બાઈકો-સ્કૂટરો વગેરે સાથે ચિચિયારીઓ પાડતી રેલી કાઢી વિજયોત્સવ મનાવ્યો હતો.

● હોળી-ધુળેટી-ગુડફ્રાઈડે સહિતના પર્વ બાદ સોમવારે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની ત્રણ ગણી ભીડ જામી હતી. આમ પણ દોર સોમવારે દર્દીઓની સંખ્યા બમણી રહે છે અને ડોકટર્સની સંખ્યા તેની તેજ હોય છે તેથી થતા કકળાટ નિવારવા સોમવાર પુરતું વધુ ડૉકટર્સને ઓપીડીમાં રખાય તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ ઉઠવા પામી છે.

● ગાંધીનગરના ટાઉનહોલ ખાતે 'મન મોર બની થનગાટ કરે' ફેઈમ ઓસમાણમીર અને ભારતીબેન વ્યાસનો લોક ડાયરો યોજાયો હતો. આ ડાયરામાં શહેરના લોકસાહિત્યના રસિકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા.

● ચાલુ વિધાનસભા સત્રના અંતે પોલિસ બેડામાં બદલીઓ કરાય તેવી વકી જણાઈ રહી છે. આ માટે કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈ કક્ષાના આશરે ૧૫૦થી વધુ કર્મચારીઓનું બદલી માટેનું લીસ્ટ તૈયાર થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે.

# સિવિલમાં દર્દીઓને ગરમીમાં શેકાવું પડે છે

**વોર્ડ તેમજ સગાઓને બેસવા માટેના સ્થળ સહિતના પંખા બંધ હાલતમાં**

ગાંધીનગર, તા.૨૮

ઉનાળાની ઋતુનો ધીમી ગતિએ પ્રારંભ થઈ ચુકયો છે. શહેરમાં બપોરના સુમારે આકરી ગરમીનો સામનો નગરજનોને કરી રહ્યા છે. ત્યારે શહેરની સિવિલમાં દર્દીથી કણસી રહેલા દર્દીઓને ગરમીમાં દિવસ પસાર કરવો પડે છે. વોર્ડમાં મુક્વામાં આવેલા પંખામાં મોટાભાગના બંધ હાલતમાં છે. દર્દીઓ તેમજ સ્ટાફના કર્મચારીઓ દ્વારા પીઆઈયુના તંત્ર સમક્ષ રજુઆત કરી છે. પરંતુ અત્યારે હાલના સમયે તો દર્દીઓને દિવસ અને રાત ગરમીમાં પસાર કરવાની નોબત આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થતા દર્દીઓનો ભારે ધસારો જોવા મળે છે. સિવિલમા વિવિધ રોગની સારવાર માટે ગાંધીનગર સહિત આસપાસના જિલ્લામાંથી પણ દર્દીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ હોવાથી પાંચ માળની ઓપીડી અને આઠ માળની બિલ્ડીંગ બનાવાઈ છે. અત્યારે હાલના સમયે બે ઋતુનો અનુભવ દરેક વ્યકિત કરે છે જેને પરિણામે વાઈરલ ઈન્ફેકશનનો ભોગ બને છે. શહેરમાં અત્યારે હાલના સમયે ઘેર ઘેર તાવ, ઝાડા-ઉલ્ટી, શરદી ખાંસી, મેલેરીયા, ટાઈફોઈડ, સહિતના દર્દીઓ જોવા મળે છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં આવેલા તમામ વિભાગોમાં દર્દીઓની સંખ્યા જોવા મળી રહી છે. ત્યારે સિવિલના નવા બિલ્ડીંગને બનાવ્યા ને ગણ્યાંગાંઠ્યા વર્ષ થયા હશે ત્યાં તેની સમસ્યાઓ દિનપ્રતિદિન વધી રહી છે. નવી



બિલ્ડીંગમાં આવેલા ૪ થી ૮ માળ સુધીના વિવિધ વોર્ડ તેમજ દર્દીના સગાઓને બેસવાની જગ્યાએ તેમજ લીફટ પાસેની ખુલ્લી જગ્યામાં મુકવામાં આવેલા પંખા મોટાભાગના બંધ હાલતમાં છે. હવા નાખતા નથી તેવા પંખા માત્ર શો પીસ બનીને છત પર હવામાં લટકી રહ્યા છે. શહેરમા ઉનાળાનો ધીમી ગતિએ પ્રારંભ થઈ ગયો છે. છેલ્લા ઘણા દિવસોથી શહેરનું તામપાન ૩૫ ડિગ્રીને પાર હોય છે. ત્યારે સિવિલના વિવિધ વોર્ડમાં દાખલ દર્દીઓની હાલત કફોડી બની રહી છે. વોર્ડમાં દર્દીઓ પસીને થી રેબઝેબ હાલતમાં જોવા મળે છે. સરકાર દ્વારા કરોડો રૂપીયા ખર્ચયા હોવા છતા નવા બિલ્ડીંગના દર્દીઓની આવી અવદશા છે. દર્દથી કણસી રહેલા દર્દીઓ ગરમીથી પણ કંટાળી ગયા છે. સિવિલ સ્ટાફના કર્મચારીઓ તેમજ દર્દીઓએ અનેકવાર પીઆઈયુ વિભાગમાં જાણ કરી હોવા છતા દર્દીઓની વાત કોઈના કાને સંભળાતી નથી. જયારે વોર્ડમાં ન ચાલતા પંખા અત્યારે હાલના સમયે માત્ર શો પીસ બની જવા પામ્યા છે. પંખા બંધ રહેતા ગરમીથી કંટાળેલા સગાવ્હાલા પણ આમતેમ ફરીને સમય પસાર કરતા નજરે પડે છે.

## ગાંધીનગરમાં 'ત્રિદલ' સંસ્થાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના શિક્ષણ સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય કરી પ્રવૃત્તિઓ કરવાના આશયથી 'ત્રિદલ' નામે સંસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સંસ્થાના પ્રારંભમાં જયશ્રી ખેતિયાએ કવિ બાદરાયણનું જાણીતું ગીત 'આપજે તારા અંતરનો એક તાર' રજૂ કર્યું હતું. સાધક કવિ અને નિવૃત્ત અધિકર માહિતી નિયામક ડૉ. દલપત પઢિયારે દીપ પ્રગટાવી અને ટોડલે ત્રિપર્ણ બિલીપત્ર અને આસોપાલવના તોરણ બાંધી ત્રિદલ સંસ્થાને શુભેચ્છાઓ આપી હતી તેમજ તેમના કાવ્યસંગ્રહ 'સામે કંઠે તેડામાં'ના ગીતોને શબ્દસૂર અને લયથી અજવાળ્યા હતા. સંસ્થા 'ત્રિદલ'નો હેતુ અને મહેમાનનો પરિચય ભાનુપ્રસાદ પુરાણીએ આપ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રબુદ્ધજનો, સાહિત્યકારો, સમાજસેવી મહાનુભાવો તથા કેળવણીકારો ઉપસ્થિત રહ્યા હતા. રમણલાલ શ્રીમાળી અને સોમાભાઈ પરમારે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમના અંતે 'ત્રિદલ' સંસ્થા દર માસના ચોથા રવિવારે સાંજે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે નિયમિત કાર્યક્રમ યોજશે તેવો સંકલ્પ જાહેર કર્યો હતો.




(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

શહેરમાં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની કરો યા મરોની સ્થિતિ સાથેની મેચની ઉત્સુકતા ચરમસીમાએ પહોંચી હતી. ક્રિકેટ રસીકો ઘર, દુકાન અને મોબાઈલ ઉપર તેનું જીવંત પ્રસારણ નીહાળતા જોવા મળ્યા હતા. જેમાં શહેરના માર્ગો સુમસામ થઈને લોક ટોળાં ટીવી આગળ ખડકાઈ ગયા હતા. સેકટર-૨ ૩ના આરાધના સ્કુલની સામે આવેલ બંસરી પાન સેન્ટર ઉપર ક્રિકેટ રસીયાઓની માંગ થકી ટીવી બહાર મુકી મેચ નિહાળી શકે તેવું આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો ટીવી આગળ ગોઠવાઈ ગયા હતા. ખૂણે ખાંચરે જયાં જગ્યા મળી ત્યાં આ મેચને નીહાળવાની તક જતી ન કરતા આ ચાહકો ભારત મેચ જીતે તેવી પ્રાર્થના પણ કરતા હતા. દરમિયાન વિરાટ કોહલીની જવાબદારી વાળી પરફેકટ બેટીંગથી ભારતે શાનદાર જીત મેળવી દબદબાભેર સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવી લેતા 'ભારત ઝિંદાબાદ, ભારત માતાકી જય'ના નારા સાથે આતશબાજી કરી વિજયોત્સવ મનાવ્યો હતો.

# નગરમાં સુશાસન આપી શકે તેવા જ ઉમેદવારને પસંદ કરવા જાગૃત નાગરિક પરિષદની હાકલ

**ફરી ચુંટણી લડવા ઉભા રહે તેવા ઉમેદવારો પાસે હિસાબ માંગો : નગરના પ્રશ્નો ઉકેલી દબાણયુકત સ્વચ્છ શહેર બનાવવાનું વચન આપે તેની જ પસંદગી કરવા અનુરોધ : ચુંટાયા પછી પક્ષ પલ્ટો ના કરે તેવા ઉમેદવારો ઉભા રાખવા પક્ષોને અપીલ**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આગામી મહાનગર પાલિકાની આવી રહેલ ચૂંટણીઓમાં મતદારોને જાગૃતિ અભિયાન ચલાવવા અપીલ કરી છે. જાગૃત નાગરિક પરિષદે આ સાથે ચુંટણીમાં ફરી ઉભા રહેનાર ઉમેદવારો પાસેથી સત્તા દરમિયાન કરેલ કામગીરીનો હિસાબ માંગવા ઉપરાંત આ વખતે ચુંટાયા પછી પક્ષ પલટો કરશે નહીં, ભ્રષ્ટાચાર મુકત વહીવટ અને નગરને દબાણમુકત તથા સ્વચ્છ રાખવા પ્રયત્નશીલ રહેશે તેવું વચન માંગવા પણ અનુરોધ કર્યો છે.

શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા મતદારોને અનુરોધ કરવામાં આવ્યો છે કે મતદારો સંગઠિત થઈ ઉમેદવારોને સ્પષ્ટ જણાવે કે ચુંટાયા પછી નાગરિકોની મુશ્કેલીઓ અને અપેક્ષાઓ જાણવા નગરસેવક દર બે મહિને તેમના સેકટરમાં લોક દરબારનું આયોજન કરવા પ્રતિબધ્ધ બનશે. નગરમાં અસરકારક પરિવહન, ગાંધીનગર-અમદાવાદ વચ્ચે પૂરતી બસ સેવા તથા શહેરમાં મીટર મુજબ રીક્ષાઓ ચાલે તે માટે પ્રયત્નો હાથ ધરાશે તેની ખાત્રી લેવી. આ સાથે નગરમાં શાક માર્કેટના પ્રશ્નો, પ્લાસ્ટિકનો વપરાશ નિયંત્રિત કરવા, સ્કૂલ વર્ધીના વાહનોને સુરક્ષિત-નિયમબધ્ધ કરવા, વિદ્યાર્થીઓને અસામાજિક તત્વોથી રક્ષણ આપવા, પોલીસ તંત્રને નાગરિક સુરક્ષામાં સુનિશ્ચિત કરવા માટે પ્રતિબધ્ધતા જાહેર કરવા તથા આ પ્રકારના પ્રશ્નો અંગે ઉમેદવારોનો અભિગમ જાણવા હાકલ કરતા નિષ્ઠાવાન ઉમેદવારને ચૂંટવા અપીલ કરી છે.

રાજકીય પક્ષોને જાગૃત નાગરિક પરિષદે મનપાની ચૂંટણીઓમાં માત્ર ચુંટાય તેવા નહી પરંતુ નાગરિકોના પ્રશ્નો ઉકેલવામાં નિષ્ઠા ધરાવતા યોગ્ય ઉમેદવારો અને નગરજનોની ઈચ્છા મુજબનું સુશાસન આપી શકે તેવા ઉમેદવારો પસંદ કરવા અનુરોધ કર્યો છે. આ સાથે પરિષદે આ વખતે મતદારો પ્રથમ ચુંટણીમાં ચુંટાયેલા નગરસેવકો સુશાનસ આપી શકયા નથી તેની પ્રતીતિ મતદારોને છે તેથી મતદારો તેમની ભૂલનું પુનરાવર્તન નહીં થવા દે તેવો આશાવાદ પણ વ્યકત કર્યો છે અને સાથે ગાંધીનગર મનપા રાજયમાં શ્રેષ્ઠ મહાનગર પાલિકા બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે.

## શહેરના બે યુવાનો સાબરમતીમાં ડુબ્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં રહેતા બે સરકારી કર્મચારી મળી ચાર મિત્રો પ્રાંતિજના ઓરાણ સિતવાડા સાબરમતી નદીમાં ન્હાવા પડયા હતા. જેમાં બે યુવાનોના નદીના પાણીમાં ડુબી જતા કરૂણ મોત નિપજયા હતા. આ યુવાનોના મોતને લઈ પરિવારજનોમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના વાવોલ ખાતે રહેતો ૨૬ વર્ષીય વિપુલ અમૃતલાલ રાવત તેમજ સે-૨૬માં રહેતા ૨૫ વર્ષીય ધવલ અશ્વિનભાઈ રાવલ અન્ય બે મિત્રો સાથે ડેમરાના ડેરા મીની બગદાણા હનુમાન મંદિરે દર્શન કરવા આવ્યા હતા અને પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ન્હાવા પડયા હતા. જયાં ગાંધીનગરના બે યુવાનો ધવલ અને વિપુલ પાણીમાં ડુબી જતા બંનેના કરૂણ મોત નિપજયા હતા.બંને યુવાનોના અકાળે મોત થતા યુવાનોના પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ અકસ્માતને પગલે પ્રાંતિજ પોલીસે બંને મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગરમાંથી રીઢો ઘરફોડીયો ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં ઘરફોડ ચોરીને અંજામ આપી છેલ્લા ઘણા સમયથી ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી અને એસઓજીની ટીમે ઝડપી પાડી સે-૨૧ પોલીસને હવાલે કર્યો હતો.

જિલ્લાના વિવિધ પોલીસ મથકોની હદમાં ગુનાઓને અંજામ આપી નાસતા ફરતા આરોપીને પકડી પાડવા જિલ્લા પોલીસવડાની સૂચનાને પગલે એલસીબીના ઈન્ચાર્જ આર.એસ. રાજપુત અને તેમની ટીમે સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન ટીમે બાતમીના આધારે ગાંધીનગરમાં ઘરફોડ ચોરીને અંજામ આપનાર નાસતા ફરતા આરોપી રાજેશ ઉર્ફે બકો જીથરાભાઈ બારીયાને ઝડપી લઈ સેકટર-૨૧ પોલીસ મથકને હવાલે કર્યો હતો.

# કરૂણતાની ચરમસીમાએ હાસ્ય પ્રગટે છે

**સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર શાહબુદ્દિન રાઠોડ શહેરના મહેમાન બન્યા : નારાયણી હાઈટસ ખાતે હાસ્યનો વરઘોડો કાર્યક્રમ યોજાયો : નગરના યુવા હાસ્યકાર હરપાલસિંહ ઝાલા સાથે શાહબુદ્દિન રાઠોડની જુગલબંદી યોજાઈ**

ગાંધીનગર, તા.૨૮

'આજે માનવીને તેની કોઈ વસ્તુ ખોવાય તેનુ ઘણુ દુઃખ થાય છે પરંતુ તેની જીંદગીના વર્ષો ખોવાઈ જાય તેનુ દુઃખ થતું નથી.' 'જીવનને ગતિ વિજ્ઞાન આપે છે પરંતુ દિશા આધ્યાત્મ આપે છે.' 'જે છે તે જ જોવું તેનું નામ સત્ય.' આ શબ્દો છે ગુજરાતના અત્યંત લોકપ્રિય વરિષ્ઠ હાસ્યકાર શાહબુદ્દિન રાઠોડના. ગાંધીનગર નજીકના ભાટ ગામે નારાયણી હાઈટસ ખાતે તા. ૨૭મી માર્ચ રવિવારે 'હાસ્યનો વરઘોડો' નામે યોજાયેલ ગુજરાતી હાસ્ય કાર્યક્રમમાં શાહબુદ્દિન રાઠોડ તથા યુવા હાસ્યકાર હરપાલસિંહ ઝાલાએ અનોખી રમૂજ સાથે જીવન માટે ઉપયોગી વાતો પણ કરી પ્રેક્ષકેને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર શાહબુદ્દિન રાઠોડે તેમની આગવી શૈલીમાં રોચક પ્રસંગો અને ચોટદાર પ્રેરક સંદેશા સાથે હાસ્ય પીરસ્યું હતું. તેમણે કહ્યું હતું કે જીવનમાં બુદ્ધિની નહી પરંતુ વિશુધ્ધિની જરૂર છે. વિશ્વના લિજેન્ડરી હાસ્ય અભિનેતા ચાર્લી ચેપ્લિનના પ્રસંગો યાદ કરતા તેમણે કહ્યું કે કરૂણતાની ચરમસીમાએ જે હાસ્ય પ્રગટે છે તે ઘણું અસરકારક હોય છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના યુવા હાસ્યકાર હરપાલસિંહ ઝલાએ પણ તેમની અનેરો લહેકા સાથેની શૈલીમાં શુધ્ધ મનોરંજક હાસ્ય અને રમુજી ટુચકાઓ પ્રસ્તુત કરી પરિવાર સહ કાર્યક્રમ માણવા પધારેલા શ્રોતાઓને પેટ પકડી હસાવ્યા હતા.

ગુજરાતી હાસ્ય કાર્યક્રમ હાસ્યનો વરઘોડોનું આયોજન રેટ્રો ઈન્ફોટેક તથા બ્રાન્ડ મિડીયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ દ્વારા કરાયું હતું. કાર્યક્રમના પ્રારંભે નારાયણી હાઈટસના માલિક ગોપીરામ ગુપ્તાએ શાહબુદ્દિન રાઠોડ તથા હરપાલસિંહ ઝાલાનું સ્વાગત કરી આવકાર્યા હતા. કાર્યક્રમમાં શ્રોતાઓએ કલાકારોની તમામ રજૂઆતોને તાળીઓના ગડગડાટથી વધાવી હતી.




## ડો. આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા કવીઝ સ્પર્ધા યોજાશે

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા આગામી તા. ૧૪મી એપ્રિલના રોજ સવારે ૧૧ થી ૧૨.૩૦ કલાક દરમિયાન કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત વિધાનસભા સામે આવેલ ડૉ. આંબેડકરની પ્રતિમા સંકુલ ખાતે ૧૨૫મી જન્મ જયંતિની ભારે ઉત્સાહપૂર્વક અને શાનદાર રીતે ઉજવણી કરવાનું નક્કી કરાયું છે. આ ઉજવણી પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનને પ્રાસંગિક તેમજ તેઓએ સામાજિક એકતા સંદર્ભે કરેલ સંઘર્ષ અન્વયે કવીઝ સ્પર્ધા યોજાશે. આ કવીઝ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુકોએ તા. ૭મી એપ્રિલ સુધીમાં પોતાના બાયોડેટા સાથે અરજી ફોર્મ અશ્વિનભાઈ રાઠોડના નિવાસસ્થાન બ્લોક નં. ૬૫૦, એકતા કોલોની સેકટર-૨૭, ભરતસિંઘ ચૌધરી પ્લોટ નં. ૪૫/૨, સે-૧૪, વિઠ્ઠલભાઈ પરમાર, પ્લોટ નં. ૫૬૧/૨, સે-૩-સી ખાતે મોકલવાના રહેશે.

## ચિરવિદાય

- સ્વ. બબીબેન ભઈલાલજી ઠાકોર, ઉ.વ. ૪૨
- સ્વ. જવાનજી જુહાજી ઠાકોર, ઉ.વ. ૮૬
- સ્વ. હસમુખલાલ માણેકલાલ સોની, ઉ.વ. ૬૫
- સ્વ. સરદારજી મસાજી ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. ધવલકુમાર અશ્વિનકુમાર રાવલ, ઉ.વ. ૨૪